જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૮/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૧૫૦૦/૨૦૨૧**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૮૩૨૩	૭૦	૬૮૩૯૩	૬૯૧૪૮	૭૫	૬૯૨૨૩
કુલ		૮૪૭૯૯	૭૦	૮૪૮૬૯	૯૩૫૩૮	૭૫	૯૩૬૧૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૭	૩,૯૫,૫૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૨૨	૯,૨૨,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ચાંદખેડા પોલીસ સ્ટેશન

વિદેશી દારૂની હેરાફેરી કરતાં ઇસમને પકડીને પાસા અટકાયત હેઠળ રાજકોટ જેલ ખાતે મોકલી આપતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૧૦૧૬૭/૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામના આરોપી જતીનકુમાર દશરથભાઇ પટેલ ઉં.વ.૨૮ રહે. મકાન નં.૦૩, મોટોમાઢ, ત્રીપુરામાતા મંદિર, આંગણજ, તા.જી.અમદાવાદ નાનો પોલીસથી ચોરી છુપી વગરપાસ પરમીટે નિશાન કંપનીની સન્ની ફોર વ્હીલ ગાડી આર.ટી.ઓ. નંબર જી.જે.૧-કે.આર.-૭૫૧૪માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ અલગ-અલગ બ્રાન્ડની કાચની સીલબંધ બોટલ નંગ-૧૪૪ કિ.રૂ. ૮૪,૮૪૦/- તથા ટીન બિયર નંગ-૨૪ કિ.રૂ. ૩૪૮૦/- તથા ગાડીની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૧૦,૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ. ૨,૯૮,૨૮૦/-ના મુદ્દામાલ સાથે મળી આવેલ અને સદરી આરોપીની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૪૭૭/૨૦૨૧ તા.૧૬/૦૮/૨૦૨૧ થી સદરી આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૧૭/૦૮/૨૦૨૧ કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર :-

(૧) પો.ઇન્સ.કે.વી.પટેલ

(૨) અ.હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ.ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ.પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૦૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૦૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૫૦૩/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ કનૈયા સ/ઓ શ્રીનિવાસ તિવારી (ઉ.વ.૩૧) (હાલ રહે. બી/૨૦૨, સાંઇમેત્રી એપાર્ટમેન્ટ ચાણકય-૬, વિરાટનગર વિરાર વેસ્ટ જી-પાલધર મહારાષ્ટ્ર, (અગાઉ રહે.એસ/૫૦૧, આઇ.સી.બી ફલોરો સત્યમેવ વિસ્ટાની બાજુમાં ગોતા ઓવરબ્રીજ પાસે ગોતા) એ તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન શ્રીપદ રેસીડન્સી વિશ્વાસ સીટી પાસે ગોતા ખાતે કનૈયા તિવારીએ આરોપી વિવેકકુમાર (રહે. બી/૪૦૩,બી.એમ.બી.ઇ.રેલ્વે હન્ડર રોડ રાજેન્દ્રનગર પટણા) પાસેથી રૂપિયા ૭,૬૧,૦૦૦/- ઇ-ગીફટ વાઉચરનો ઓર્ડર આપેલ અને જેના પૈસા આપી દિધા હોવા છતા ગીફટ વાઉચર નહી મોકલી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

કૃષ્ણનગરઃ દીપેશભાઇ મનસુખભાઇ સાવલીયા (ઉ.વ.૩૭) (રહે. ત્રીમુર્તી બંગ્લોઝ માધવ એવન્યુ પાછળ નિકોલ) એ તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દીપેશભાઈ IndiaMart.com કંપનીમાં રીજનલ મેનેજર તરીકે નોકરી કરતા હોઈ જેઓ બિઝનેશ ટુ બિઝનેશ ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડ કરતા હોઈ તા.૨૪/૦૯/૨૦૨૦ થી તા.૩૦/૧૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન IndiaMart.com પ્લેટફોર્મનો દુર ઉપયોગ કરી કંપનીના વેચાણદાર તથા ખરીદદારોની સપ્લાયરે કંપનીના મોબાઇલ નંબર, ઇમેલ એડ્રેસ તથા બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરી કંપનીના નામે વેચાણ કરી માલ નહી મોકલી રૂપિયા ૧૧,૪૦,૨૬૦/- ટ્રાન્સફર કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

કારંજઃ કમલેશભાઇ માયારામભાઇ મહેશ્વરી (ઉ.વ.૪૬) (રહે.એ-૫ પુષ્પક-૨, ખારાવાલા કમ્પાઉન્ડ પાછળ ઇસનપુર વટવા રોડ) એ તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૦ થી તા.૦૨/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન ધી કાંટા પદ્માવતી કોમ્પ્લેક્ષ મમતા એન્ટર પ્રાઇઝ દુકાન ખાતે કમલેશભાઇ મહેશ્વરીના મકાન ઉપર લોન લેવા માટે લોનની પ્રક્રિયા કરી સીક્યુરીટી પેટે આપેલ ૯ ચેક આપેલ હતા. એસ.બી.આઇ.બેન્કમાંથી લોન મંજુર થતા જે પૈકી પ્રથમ ડી.ડી. બેન્ક તરફથી મળતાં પોતાના ખાતામાં જમા કરાવેલ ત્યારબાદ ડીમાન્ડ ડ્રાફ્ટ ૫૯,૦૦,૦૦૦/- મંજુર થતા જે ડી.ડી. એસ.બી.આઇ.બેન્કમાંથી આરોપી (૧) વિશ્રૃત ઉર્ફે ટીકુભાઇ સ/ઓ હસમુખભાઇ મહેતા (રહે.ઇન્દ્રપ્રસ્થ રો-હાઉસ લાવણીયા સોસાયટી રોડ વાસણા) એ આરોપી (૨) શીશીરભાઇ ભાટીયા (રહે.ચાંદખેડા) ની મદદગારીથી ડીમાન્ડ ડ્રાફ્ટ મેળવી એસ.બી.આઇ.બેન્ક માધવપુરા શાખામાં જમા કરાવી કમલેશભાઇ મહેશ્વરીએ અગાઉ આપેલ ચેક પૈકી ૪ ચેકનો ઉપયોગ કરી કુલ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- એસ.બી.આઇ.બેંક માધવપુરા શાખામાંથી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

ખોખરાઃ બાબુભાઇ ઇશ્વરભાઇ પટેલ (ઉ.વ.૭૨) (રહે. ચુનીલાલ પાર્ક સી.ટી.એમ.ચાર રસ્તા હાઇવે રોડ) એ તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૩/૨૦૨૦ ના રોજ સવારના કલાક ૭/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન IDITABPA And VIPSWALLE એપ્લીકેશનનો ઉપયોગ કરનાર વ્યક્તિએ મણીનગર રામબાગ શાખા આઈ.સી.આઈ.સી.આઈ.બેન્ક ખાતે જ્યોતિ વેલ્કેનાઇઝીંગના ખાતામાંથી ૪૪ એન્ટ્રી દ્વારા કુલ રૂપિયા ૬૮,૫૯૬/- ઉપાડી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.ગામીત ચલાવે છે.

<u>અપમૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૫૦૪/૨૦૨૧</u>**

વટવા જીઆઈડીસીઃ અશોકભાઈ લાભુભાઈ મકવાણ (ઉ.વ.૩૧) (રહે.ગોળીબારનો ટેકરો મહેમદાવાદ તા-મહેમદાવાદ જી-ખેડા) તા.૧૬/૦૮/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા ફેઝ-૨ અનુરાગ એસ્ટેટ ગ્લોબલ એન્વાયરમેન્ટ ખાતે કારખાનામાં લોખંડના પતરાનો શેડ બનાવવા મજુરી કામ કરતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઈજાઓ તથા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી